# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 30-06-2026** **MIDDAY: 1.20 TO 1.30**

**Day: TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

*************************************************

1. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજથી આંધ્રપ્રદેશની બે દિવસીય પ્રવાસે.
2. કૃષિ ક્ષેત્રનો વિકાસ કર્યા વિના વિકસિત ભારતનું વિઝન પ્રાપ્ત નહીં કરી શકાય તેમ જણાવતા કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ.
3. એથેન્સમાં મુખ્ય મથક ધરાવતી યુરોબેંકે ગ્રીસથી ભારતમાં ક્રોસ બોર્ડર ટ્રાન્સફર માટે UPI - આધારિત રેમિટન્સ સેવા શરૂ કરી.
4. ભારતે ઓપરેશન અમિસ્તાદ હેઠળ ભૂકંપગ્રસ્ત વેનેઝુએલામાં માનવતાવાદી સહાય કામગીરીને વધુ ઝડપી બનાવી.
5. પાકિસ્તાને અફઘાનિસ્તાન પર કરેલા હવાઈ હુમલાઓની વૈશ્વિક નેતાઓ અને આંતરરાષ્ટ્રીય સમુદાયે ટીકા કરી.
6. ફિફા વર્લ્ડ કપમાં પેરાગ્વે સામે પેનલ્ટી શૂટઆઉટમાં પરાજય થતાં જર્મની અંતિમ 32 માંથી બહાર થયું.

.......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# PRESIDENT ANDHRAPRADESH VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજથી આંધ્રપ્રદેશની બે દિવસની મુલાકાતે રવાના થશે. રાષ્ટ્રપતિ આજે વિજયનગરમ ખાતે સેન્ટ્રલ ટ્રાઇબલ યુનિવર્સિટી ઓફ આંધ્રપ્રદેશના પ્રથમ દીક્ષાંત સમારોહમાં હાજરી આપશે. બાદમાં, રાષ્ટ્રપતિ આવતીકાલે અનંતપુરમુ ખાતે સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ આંધ્રપ્રદેશના પ્રથમ દીક્ષાંત સમારોહમાં હાજરી આપશે.

# CHOUHAN - KHET BACHAO

કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે કૃષિ ક્ષેત્રનો વિકાસ કર્યા વિના વિકસિત ભારતનું વિઝન પ્રાપ્ત નહીં કરી શકાય તેમ ભારપૂર્વક જણાવ્યું. હરિયાણાના હિસારમાં ખેત બચાવો અભિયાનના સમાપન સમારોહમાં સંબોધન કરતાં તેમણે જણાવ્યું કે સરકાર એક મોબાઇલ એપ્લિકેશન વિકસાવવા પર કામ કરી રહી છે જે માટી અને જમીનને જરૂરી ખાતરની માત્રા અંગે માહિતી પ્રદાન કરશે. તેમણે ખેડૂતોને જમીનના સ્વાસ્થ્યને જાળવવા માટે સંતુલિત રીતે ખાતર અને જંતુનાશકોનો ઉપયોગ કરવા કહ્યું હતું.

## (BYTE - SHIVRAJ SINGH CHAUHAN)

શ્રી ચૌહાણે કહ્યું કે સરકાર અલ નીનો અસરને કારણે ઓછા વરસાદની અસરને નિયંત્રિત કરવાના રસ્તાઓ શોધી રહી છે.

# GREECE- UPI

એથેન્સમાં મુખ્ય મથક ધરાવતી યુરોબેંકે ગ્રીસથી ભારતમાં ક્રોસ બોર્ડર ટ્રાન્સફર માટે UPI-આધારિત રેમિટન્સ સેવા શરૂ કરી છે. આ પહેલ નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NPCI) ઇન્ટરનેશનલ પેમેન્ટ્સ લિમિટેડ સાથે બેંકના વ્યૂહાત્મક સહયોગનો એક ભાગ છે.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલે જણાવ્યું હતું કે યુરોબેંક ખાતે સેવાઓનો આરંભ ભારતના ડિજિટલ પેમેન્ટ ઇકોસિસ્ટમના વૈશ્વિક વિસ્તરણમાં વધુ એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. તેમણે ઉમેર્યું હતું કે UPI હવે ગ્રીસમાં લાઇવ હોવાથી, પાત્ર ગ્રાહકો તાત્કાલિક, સુરક્ષિત અને એકીકૃત રીતે નાણાં ટ્રાન્સફર કરી શકે છે, વ્યવહાર ખર્ચ પરંપરાગત ટ્રાન્સફર ખર્ચના એક અંશ સુધી ઘટી જાય છે.

# OPERATION-AMISTAD

ભારતે ઓપરેશન અમિસ્તાદ હેઠળ ભૂકંપગ્રસ્ત વેનેઝુએલામાં માનવતાવાદી સહાય કામગીરીને વધુ ઝડપી બનાવી છે. જે અંતર્ગત અસરગ્રસ્ત લોકોને તબીબી સહાય, કટોકટી રાહત સામગ્રી અને અન્ય આવશ્યક સેવાઓ પૂરી પાડવામાં આવી રહી છે.

વેનેઝુએલામાં ભારતીય દૂતાવાસે જણાવ્યું કે ભારતીય સેના દ્વારા સ્થાપિત અસ્થાયી ક્ષેત્ર હોસ્પિટલમાં ભૂકંપગ્રસ્ત લોકોની સારવાર કરવામાં આવી રહી છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું કે ભારતીય સેના અસરગ્રસ્ત લોકોને તમામ શક્ય સહાય પૂરી પાડી રહી છે.

# COAS - TENURE CONCLUDE

સેના પ્રમુખ ઉપેન્દ્ર દ્વિવેદીએ જણાવ્યું કે ભારતીય સેના તેની શક્તિ કોઈ એક વ્યક્તિથી નહીં પરંતુ તેના સૈનિકો, કમાન્ડરો, નિવૃત્ત સૈનિકો, તેમના પરિવારો અને દેશના નાગરિકોના અતૂટ વિશ્વાસથી મેળવે છે. જનરલ દ્વિવેદીએ આજે નવી દિલ્હીમાં આર્મી ચીફ પદ પરથી નિવૃત થતાં આમ કહ્યું હતું. ચાર દાયકાથી વધુ સમયથી ભારતીય સેનામાં સેવા આપવી એ એક મહાન સૌભાગ્ય હોવા પર તેમણે ભાર મૂક્યો હતો.

**BYTE - UPENDRA DWIVEDI**

તેમણે જણાવ્યું કે ભારતીય સેનાએ છેલ્લા બે વર્ષમાં દરેક મોરચે સતત તૈયારી, સંતુલન અને સતર્કતા જાળવી રાખી છે.

નવા આર્મી ચીફ જનરલ ધીરજ સેઠને જવાબદારી સોંપતા તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે જનરલ સેઠના નેતૃત્વ હેઠળ, ભારતીય સેના તેની ભવ્ય પરંપરાઓ, વ્યાવસાયીકરણ અને દૃઢ નિશ્ચયને જાળવી રાખીને વધુ ઊંચાઈઓ સુધી પહોંચશે.

તેમના વિદાય સમારંભના ભાગ રૂપે, આર્મી ચીફ દ્વિવેદીએ નવી દિલ્હીમાં રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક પર પુષ્પાંજલિ અર્પણ કરી.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# ICG RESCUE OPERATION

ભારતીય કોસ્ટ ગાર્ડના જહાજ સચેતે મેંગલુરુના દરિયાકાંઠે દરિયાઈ શોધ અને બચાવ કામગીરીમાં ભારતીય માછીમારી બોટના છ માછીમારોને બચાવ્યા છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, ICG એ જણાવ્યું કે, ગઈકાલે તોફાની દરિયામાં IFB મંજુ માથાન ફસાઇ હતી.. ત્યારબાદ તમામ બચી ગયેલા લોકોને રિમોટ-સંચાલિત લાઇફબોટનો ઉપયોગ કરીને બચાવવામાં આવ્યા હતા. ICG એ ઉમેર્યું હતું કે બચી ગયેલા લોકોને સહાય માટે ન્યૂ મેંગલુરુ લાવવામાં આવી રહ્યા છે

# BIRLA - PARLIAMENTARISM DAY

લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ આંતરરાષ્ટ્રીય સંસદીયવાદ દિવસ પર તમામ ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને વિશ્વભરની લોકશાહી સંસ્થાઓને શુભેચ્છા પાઠવી. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી બિરલાએ કહ્યું કે સંસદ એ લોકોની આકાંક્ષાઓ, અધિકારો અને વિશ્વાસની સર્વોચ્ચ અભિવ્યક્તિ છે, જ્યાં વિચારોનું મંથન થાય છે, નીતિઓ ઘડવામાં આવે છે અને રાષ્ટ્રના ભવિષ્યની દિશા નક્કી થાય છે.

તેમણે ઉમેર્યું કે એક મજબૂત, સ્વતંત્ર અને જવાબદાર સંસદ જ લોકશાહીની સાચી શક્તિ અને નાગરિકોના અધિકારોના સૌથી મોટા રક્ષક તરીકે સેવા આપે છે. તેમણે ભાર મૂક્યો કે, ભારતની સંસદ વિશ્વના સૌથી મોટા લોકશાહીનું પ્રતિનિધિત્વ કરે છે અને હંમેશા બંધારણની ભાવના, લોકશાહી પરંપરાઓ અને લોકોના પ્રતિનિધિત્વના ભવ્ય વારસાને શક્તિશાળી રીતે જાળવી રાખે છે.

# SHAH-RAJNATH - PRAKASH PURB

ગૃહમંત્રી અમિત શાહ અને સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આજે શીખ ધર્મના છઠ્ઠા ગુરુ ગુરુ હરગોવિંદ સાહેબજીના પ્રકાશ પર્વ નિમિત્તે શુભેચ્છાઓ પાઠવી છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી શાહે ધર્મ, સંસ્કૃતિ અને માનવીય મૂલ્યોના રક્ષણ માટે સંત-સૈનિક પરંપરાનો પાયો નાખવા બદલ ગુરુ હરગોવિંદ સાહેબજીની પ્રશંસા કરી.

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું કે ગુરુ હરગોબિંદ સાહેબજીના ઉપદેશો લોકોને શ્રદ્ધાનું રક્ષણ કરવા, પીડિતોની સેવા કરવા, માતૃભૂમિનું રક્ષણ કરવા અને સત્યના માર્ગ પર અડગ રહેવા માટે પ્રેરણા આપતા રહેશે.

# STOCKS-1200

આજે બપોરના સત્ર દરમિયાન બેન્ચમાર્ક સ્થાનિક ઇક્વિટી સૂચકાંકો ફ્લેટ નોટ પર ટ્રેડ થઈ રહ્યા હતા. છેલ્લા અહેવાલો આવ્યા ત્યારે સેન્સેક્સ અને નિફ્ટી સામાન્ય ઘટાડા સાથે કારોબાર કરી રહ્યાં હતાં. IT, મેટલ અને PSU બેંકમાં નરમાશ જોવા મળી હતી જ્યારે  રિયલ્ટી, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ અને કેમિકલ્સ ક્ષેત્રોમાં સૌથી વધુ લેવાલી જોવા મળી હતી.

# WORLD LEADERS-PAK AIRSTRIKES

પાકિસ્તાની લશ્કરે અફઘાનિસ્તાનના પક્તિયા, પક્તિકા અને કુનાર પ્રાંતોમાં કરેલા હવાઈ હુમલાઓની વૈશ્વિક નેતાઓ અને આંતરરાષ્ટ્રીય સમુદાયે ટીકા કરી. 28 જૂનની રાત્રે થયેલા હવાઈ હુમલામાં 36 નાગરિકોના મોત, 163 ઇજાગ્રસ્ત અને ત્રણ રહેણાંક મકાનોનો સંપૂર્ણ નાશ થયા બાદ આ ટિપ્પણી આવી છે. સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસે તાત્કાલિક આ દુશ્મનાવટનો અંત લાવવા હાકલ કરી અને તમામ પક્ષોને નાગરિકોનું રક્ષણ કરવા અપીલ કરી. યુરોપિયન યુનિયને તાત્કાલિક તણાવ ઓછો કરવા અને સંયમ રાખવાની પણ હાકલ કરી. અફઘાનિસ્તાનના વિદેશ મંત્રાલયે કાબુલમાં પાકિસ્તાન દૂતાવાસના ચાર્જ ડી'અફેર્સ સામે હવાઈ હુમલા અંગે પોતાનો મજબૂત અને સ્પષ્ટ વિરોધ વ્યક્ત કર્યો હતો.

# US-IRAN CEASEFIRE

અમેરિકા અને ઇરાનના વિરોધાભાસી નિવેદનોના પગલે દોહામાં આગામી તબક્કાની ઇરાન અને અમેરિકા વચ્ચેની વાટાઘાટોના રાજદ્વારી પ્રયાસોમાં અવરોધ ઉભો થયો છે. ટ્રમ્પે દોહામાં નવેસરથી વાટાઘાટોના સંકેત આપ્યા બાદ અનિશ્ચિતતા વધી છે. જોકે, તેહરાને આ દાવાને નિશ્ચિતપણે નકારી કાઢ્યો છે, અને કહ્યું છે કે હાલમાં અમેરિકા સાથે કોઈ વાટાઘાટોનું આયોજન નથી. ઇરાની અધિકારીઓનું કહેવું છે કે તેમનું તાત્કાલિક ધ્યાન 14-મુદ્દાના સમજૂતી કરારને અમલમાં મૂકવા પર છે.

# DAY FIFA WORLD CUP

ફિફા વર્લ્ડ કપમાં જર્મનીનો પેરાગ્વે સામે પેનલ્ટી શૂટઆઉટમાં 4-3થી પરાજય થતાં તે  અંતિમ 32 માંથી બહાર થયું જ્યારે આ જીત સાથે, પેરાગ્વે વર્લ્ડ કપના રાઉન્ડ 16માં આગળ વધ્યું છે. જોસ કેનાલે પ્રથમ સડન ડેથ પેનલ્ટી કિક પર ગોલ કર્યો, જ્યારે  મોરોક્કોએ રાઉન્ડ ઓફ 32 મેચમાં પેનલ્ટી શૂટઆઉટમાં નેધરલેન્ડ્સને 3-2થી હરાવ્યું. અગાઉ જાપાન પર 2-1થી વિજય મેળવ્યા બાદ બ્રાઝિલે રાઉન્ડ ઓફ 16માં પ્રવેશ કર્યો છે.